Australian Government

# દરેક માટે બહુસાંસ્કૃતિક ઑસ્ટ્રેલિયામાં નિષ્પક્ષતાને પ્રોત્સાહન આપવું

## અહેવાલ સારાંશ

બહુસાંસ્કૃતિક માળખાગત સમીક્ષા એ પેઢીગત સુધારણા કાર્યસૂચિ છે, જેમાં સરકારવ્યાપી અને સામુદાયિક અભિગમની જરૂર છે, જે ઓસ્ટ્રેલિયાને ઘણી સંસ્કૃતિઓ, ધર્મો અને વિવિધ જીવન-અનુભવોથી બનેલા રાષ્ટ્ર તરીકે તેની સંપૂર્ણ ક્ષમતાનો અનુભવ કરવા માટે તૈયાર કરશે.

ઓસ્ટ્રેલિયાની સરકારને આ અહેવાલ સુપરત કરતી વખતે, સમગ્ર ઓસ્ટ્રેલિયામાં ૨૧૬ જાહેર પરામર્શ દ્વાર પ્રાપ્ત થયેલી માહિતી પર આધારિત સમીક્ષા કરવામાં આવી હતી. મંડળે ૭૯૬ સાર્વજનિક રજૂઆતો (૧૫ ટકા અંગ્રેજી સિવાયની ભાષાઓમાં) પર પણ વિચારણા કરી હતી અને બાળકો તથા યુવાનો માટે કળા સ્પર્ધાનું આયોજન કર્યું હતું, જેથી તમામ પેઢીઓનો સમાવેશ થાય તે સુનિશ્ચિત થયું હતું.

નિર્ણય લેવાની પ્રક્રિયાઓનો ભાગ બનવાની, સરકારના સંબંધિત સ્તરો સાથે સહ-યોજના અને સહ-નિર્માણ કરવાની તથા જવાબદારી અને ઉત્તરદાયિત્વની વહેંચણી કરવાની તેમની ઇચ્છાની મંડળને જાણ કરતી વખતે સમુદાયોએ મજબૂત, સંગઠિત અવાજે વાત કરી હતી.

આ મુદ્દાઓ માત્ર સમુદાયો, વિભાગો, સંસ્થાઓ અને સંગઠનો દ્વારા જ ઉકેલી શકાતા નથી, કે માત્ર એક વયજૂથ દ્વારા પણ ઉકેલી શકાતા નથી. ઓસ્ટ્રેલિયામાં દરેક વ્યક્તિ સર્વસમાવેશક સમાજ માટે જવાબદાર છે; આપણા કાર્યસ્થળો, સામાજિક આદાનપ્રદાન, ઓનલાઇન અથવા રૂબરૂમાં, દરેક વ્યક્તિએ સર્વસમાવેશક્તા, વાજબીપણું, આદર અને સમાનતા માટે માનવ અધિકારનો અભિગમ અપનાવવો જોઇએ.

સમગ્ર સરકારમાં સહિયારી માલિકી અને પ્રતિબદ્ધતા સુનિશ્ચિત કરવા માટે, અહેવાલમાં ઓસ્ટ્રેલિયાની સરકારને ૨૯ ભલામણોના અમલીકરણને પ્રાથમિક્તા આપવા જણાવાયું છે.

આ ભલામણોને ધ્યાનમાં રાખીને, અમે બહુસાંસ્કૃતિક માળખાં માટે એક તબક્કાવાર યોજના સૂચવીએ છીએ. આ તબક્કાવાર યોજના, યોગ્ય સંસ્થાકીય વ્યવસ્થા સાથે, તમામ માટે સફળ, નિષ્પક્ષ બહુસાંસ્કૃતિક ઓસ્ટ્રેલિયાને ટકાવી રાખવા માટે જરૂરી સાતત્ય પ્રદાન કરવાની છે. પ્રયાપ્ત માહિતી, સંશોધન અને અહેવાલોના ટેકાથી તૈયાર કરવામાં આવેલી આ યોજનામાં નીચેની બાબતોની રૂપરેખા આપવામાં આવે છે:

## જોડાણ મારફતે પાયાની સ્થાપના

- સામાજિક સંકલન, સાંસ્કૃતિક ઓળખ, તકની સમાનતા પર આધારિત બહુસાંસ્કૃતિકતા પ્રત્યે દ્વિપક્ષીય રાષ્ટ્રીય પ્રતિબદ્ધતા
- માળખાના અમલીકરણનું નેતૃત્વ કરવા માટે બહુસાંસ્કૃતિક ઓસ્ટ્રેલિયા કમિશનની ભલામણ સાથે મજબૂત નેતૃત્વ અને ઉત્તરદાયિત્વ
- સમર્પિત બહુસાંસ્કૃતિક બાબતો, દેશાંતર અને નાગરિકતા વિભાગ મારફતે વ્યૂહાત્મક આયોજન અને સંકલન
- દેશ અને સમુદાયમાં સહયોગ, બહુસાંસ્કૃતિક મંત્રી મંચ અને બહુસાંસ્કૃતિક સમુદાય સલાહકાર પરિષદ

## ઓળખ અને પોતાનાપણાંનો અનુભવ કરાવતું આવકારદાયક ઓસ્ટ્રેલિયાને વિકસાવવું

- સંવાદિતા સપ્તાહ સહિત બહુસાંસ્કૃતિકતાવાદની ઉજવણી કરવાની રાષ્ટ્રીય યોજના અને વંશીય ભેદભાવ નાબૂદી માટે સંયુક્ત રાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય દિવસની ઔપચારિક ઉજવણી કરવાની યોજના
- સામાજિક આર્થિક પરિણામો માટે સાતત્યપૂર્ણ રાષ્ટ્રીય ભાષાની નીતિનો અમલ કરવો
- ફેરસુધારણા કરેલ નાગરિકતા પ્રક્રિયા જે આધુનિક, બહુસાંસ્કૃતિક રાષ્ટ્રને પ્રતિબિંબિત કરે
- એક સ્વતંત્ર અને વૈવિધ્યસભર મીડિયા ક્ષેત્ર
- કળા અને રમતગમત દ્વારા સામાજિક પરિવર્તન લાવવા માટે સમુદાય સંસ્થાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં રોકાણ કરવું
- નાગરિકતા પ્રક્રિયાઓ, નાગરિકોની ભાગીદારી, કાયમી વસવાટના માર્ગો અને શિક્ષણ દ્વારા ઇતિહાસની પ્રસ્તુતીથી રાષ્ટ્રના પ્રથમ નાગરિકોનાં ઇતિહાસની ઓસ્ટ્રેલિયા-વ્યાપી સમજણને વધુ ગાઢ બનાવવા માટેની પહેલ વિકસાવવી

## સહયોગી સમાવેશ દ્વારા સેવાઓમાં સુધારો કરવો

- આરોગ્ય, વિકલાંગતા, શિક્ષણ, વૃદ્ધ સંભાળ અને આવાસ સહિત સાંસ્કૃતિક રીતે પ્રતિભાવ આપતી સેવાઓની સ્થાપના કરવી
- ઉત્તરદાયિત્વયુક્ત નેતૃત્વ દ્વારા એપીએસસી દ્વારા સંચાલિત સમગ્ર ઓસ્ટ્રેલિયાની જાહેર સેવામાં સાંસ્કૃતિક ક્ષમતાનો વધારો
- સ્થિરતા અને નિશ્ચિતતા પર કેન્દ્રિત આધુનિક બહુસાંસ્કૃતિક અનુદાન કાર્યક્રમ
- સાંસ્કૃતિક અને ડિજિટલ વિભાજનને દૂર કરવા માટે વ્યૂહરચના ગઢવી અને તેનો અમલ કરવો
- યુવાનો અને પ્રાદેશિક સમુદાયોની અનન્ય જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરવું
- બહુસાંસ્કૃતિક નીતિ અને સેવા પર આંતરછેદ અને લિંગ સમાનતાની દ્રષ્ટિ લાગુ કરવી.